



## ડીસા ગાયત્રી મંદિર સામે હોસ્પિટલોના રસ્તા ગંદકીથી ઉભરાયા

ડીસા શહેરમાં ગાયત્રી મંદિરની સામે આવેલ દવાખાનાની ગટરો ઉભરાતા માર્ગો પર ગંદુ પાણી ફળી વળ્યુ હતુ. જેના કારણે રાહદારીઓને પરેશાનીનો સામનો કરવો પડ્યો હતો. ડીસા શહેરના ગાયત્રી મંદિર વિસ્તાર સામેના વિસ્તારમાં આવેલા દવાખાનાઓના રસ્તા પર સફાઈના મામલે વારંવાર વિવાદ થતો રહે છે. ત્યારે હાલમાં પણ ગટર ચોકપ થઈ જતા પાણી રસ્તાઓ પર રેલાઈ રહ્યું છે અને આ વિસ્તાર દુર્ગંધ મારી રહ્યો છે. એક તરફ ડોક્ટરો સફાઈની વાતો કરી રહ્યા છે અને બીજી તરફ તેમના જ વિસ્તાર હાલ ગંદકીમાં સબડી રહ્યો છે અને અહી દર્દીઓની સાથે આવતા તેમના સગાઓ પણ બિમારીનો ભોગ બને તેવુ લાગી રહ્યુ છે. ત્યારે આ વિસ્તારમાં ગટરોની સફાઈ કરી તાકીદે ગંદકી દૂર કરવામાં આવે તેવી માંગ પ્રવર્તી રહી છે.

### મોડાસાના ટીંટોઈ ગામની એસબીઆઈ બેંક બે વર્ષથી

# બુધવારે બંધ રાખવાના મનસ્વી નિર્ણયથી ગ્રાહકોમાં રોષ

મોડાસા, તા. ૨

અરવલ્લી જીલ્લામાં નોટબંધી પછી બેંકોમાં ફરજ બજાવતા અધિકારીઓ, કર્મચારીઓ ગ્રાહકો સાથે મનફાવે તેવું વર્તન કરતા હોવાની અનેક ઘટનાઓ સામે આવી છે. જીલ્લાના ગ્રામ્ય વિસ્તારની બેંકોમાં તો અધિકારીઓ અને કર્મચારીઓની ફાંકા ફોજદારી વધી ગઈ છે. મોડાસા તાલુકાની એસ.બી.આઈ બ્રાન્ચના મેનેજર અને કર્મચારીનો મનસ્વી રીતે બેંક ચલાવતા હોવાની અને ગ્રાહકો સાથે ઉદ્ધતાઈ પૂરવક વર્તણુક કરવાની સાથે છેલ્લા ૩ વર્ષથી દર બુધવારે બેંક બંધ રાખતા હોવાની માહિતી આધારભૂત સૂત્રો પાસેથી જાણવા મળી હતી.

સમગ્ર દેશમાં ટ્રાન્સપોર્ટના ધંધામાં કાઠું કાઢનાર અને સૌથી વધુ ટ્રક ધરાવતા મોડાસા તાલુકાના ટીંટોઈ ગામે આવેલી એસબીઆઈ બ્રાન્ચમાં દરરોજના લાખ્ખો રૂપિયાનું ટ્રાન્જેક્શન થાય છે. ટીંટોઈના આજુબાજુના ૧૦ થી વધુ ગામડાઓના લોકો આ બેંકમાં ખાતેદારો છે. ત્યારે છેલ્લા કેટલાક વર્ષોથી બેંકનો વહીવટ કથળતા અને દર બુધવારે બેંકના મેનેજર અને કર્મચારી બેંકમાં



કામનું ભારણ વધુ હોવાનું બહાનું આગળ ધરી બેંકના નિયમોની ઐસી તૈસી કરી બેંક બંધ રાખતા પ્રજાજનોને ધરમધક્કા ખાવા પડી રહ્યા છે. બુધવારે બેંક બંધ રાખતી હોવાથી અજાણ લોકોને ધરમધક્કા ખાવા પડી રહ્યા છે. બુધવારે એસબીઆઈ બેંક મનસ્વી પણે બંધ રાખતા લોકોના લાખ્ખોના વહેવાર અટકી પડે છે બેંક કર્મચારીઓ તરફથી વ્યવસ્થિત જવાબ મળતો નથી. પાસબુક ભરાવવા પણ લોકોને મુશ્કેલીનો સામનો કરવો પડે છે. ટીંટોઈ ગ્રામજનો અને બેંકના ખાતેદારોમાં મેનેજર અને કર્મચારીઓની બેફિકરાઈભર્યા વર્તન સામે ઉગ્ર રોષ ફાટી નીકળ્યો છે અને ટીંટોઈ એસબીઆઈ બેંકના મેનેજર અને કર્મચારીઓની તાત્કાલિક ધોરણથી બદલી કરવામાં આવેની માંગ પ્રબળ બની છે.

આ અંગે ટીંટોઈ ગામના જાગૃત નાગરિક ઋત્વિક સોનીના જણાવ્યા અનુસાર બેંકના મેનેજર સાથે વાત કરવા જતા બેંકના સિક્યુરિટી ગાર્ડે અટકાવી મેનેજરે વાત કરવાની અને બેંકમાં કોઈ પણ બેંક ગ્રાહકને પ્રવેશવાની મનાઈ ફરમાવી હોવાનું જણાવ્યા છતાં આગ્રહ કરતા બેંકમાં પ્રવેશ આપવામાં આવ્યો હતો ત્યાં હાજર કેશિયરે પણ ઉદ્ધતાઈપૂર્વક જવાબ આપ્યો હતો. ત્યારબાદ બેંકના મેનેજરને બુધવારે બેંક બંધ કરવા અંગે વાતચીત કરતા મેનેજરે પણ ઉડાઉ જવાબ આપી તમારે જ્યાં ફરિયાદ કરવી હોય ત્યાં કરો અને થાય તે કરી લો તેવો જવાબ અપાતા સમસમી ઉઠ્યા હતા અને લોકોને પડતી તકલીફ અંગે રિજિયોનલ ઓફિસમાં ફરિયાદ કરવામાં આવશે તેમ રોષપૂર્વક જણાવ્યું હતું અને કેટલાક સમયથી બેંક મેનેજર અને કર્મચારીઓના ઉડાઉ જવાબથી ખાતેદારો સાથે તું તું મૈં મૈં થતું હોવાનું જણાવ્યું હતું.

# ભિલોડાના પાદરા ગામે જમીનના મામલે માથામાં હિંસક હુમલો

ભિલોડા,તા.૨

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના પાદરા ગામમાં જમીનની અદાવતમાં ચાર ઈસમોએ આધેડના માથા ઉપર સીધી કુહાડી વડે જીવલેણ હુમલો કરી જાનથી મારી નાખવાની ધમકી આપતાં ચકચાર મચી જવા પામી છે. જર, જોરૂ અને જમીન કજીયાનું કહેવત અનુસાર કિસ્સો પ્રકાશમાં આવ્યો હતો.જમીન વધુ પડાવી લીધી છે તેવો વહેમ રાખી તેની અદાવતમાં કુટુંબીઓએ આધેડ ઉપર જીવલેણ હુમલો કર્યો હોવાની વાત વાયુવેગે પ્રસરી જતાં ટોક ઓફ ધ ટાઉન બની હતી.

ભિલોડા પોલીસ સ્ટેશન પી.એસ.આઈ. એમ.આર. સંગાડાના જણાવ્યા મુજબ પાદરા ગામમાં ગત રાત્રે કમલેશભાઈ ગોમાજી ભગોરાએ બાપ-દાદાની જમીન પડાવી લીધી હોઈ તેવો વહેમ રાખી તેની અદાવતમાં અવાર-નવાર જમીન મેળવવા કુટુંબીઓ માંગણી કરતાં કુટુંબીજનોએ નાના-મોટા ઝગડા કર્યા હતા પરંતુ ગત રાત્રે કમલેશભાઈ ભગોરાને મારી નાખવાના બાદ ઈરાદાપુર્વક કુહાડી અને લાકડી વડે જીવલેણ હુમલો કરતાં મામલો ગરમાયો હતો.

કમલેશભાઈ ગોમાજી ભગોરના ઘરે મધ્યરાત્રે કલ્પેશભાઈ ધર્માજી ભગોરાએ કુહાડી આધેડને માથાના ભાગે સીધી મારી દેતાં ગંભીર ઈજાઓ પહોંચાડી હતી. પ્રવિણભાઈ ઉર્ફે પપ્પુ ધર્માજી ભગોરાએ વનરાજભાઈ ભગોરાના હાથ, પગ અને શરીર ઉપર લાકડી જોરથી ફટકારી ઈજાઓ પહોંચાડી હતી. હેમંતભાઈ ધર્માજી ભગોરા અને હરીશભાઈ નાનજીભાઈ ભગોરાએ મોઢા ઉપર મુક્કા મારી ગડદાપાટુનો મુઢ માર મારી મારા-મારી દરમ્યાન બિભત્સ અપશબ્દો બોલી ઝગડો કરતાં મામલો ગરમાયો હતો.



ગુજરાત રાજયના કિસાનોની આવક ૨૦૨૨ સુધીમાં બમણી કરવાનાં ભાગરૂપે અને કિસાનોમાં જાગૃતિ લાવવા કાર્યનીતિ ઘડવા તેમજ આધુનિક ખેતી પધ્ધતિ અંગે ખેડૂતોને માર્ગદર્શન તેમજ વિવિધ યોજનાલક્ષી સમજ માહિતી મળી રહે તે હેતુથી પ્રાંતિજ માર્કેટયાર્ડ ખાતે કિસાન કલ્યાણ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. માર્કેટ યાર્ડ ખાતે જિલ્લા આત્મા પ્રોજેક્ટ ખેતીવાડી, બાગાયત અને પશુપાલન વિભાગ મારફતે કિસાન કલ્યાણ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં આધુનિક ટેકનોલોજી અને આધુનિક ખેતી પધ્ધતિ અંગેનું માર્ગ દર્શન તજજ્ઞો દ્વારા આપવામાં આવ્યું હતું તો કૃષિ સ્ટોલ વિવિધ આધુનિક ખેતી સાધનો દવા, ખાતરની માહિતી માટે સ્ટોલ ઉભાં કરવામાં આવ્યાં હતા.

# લાખણેચી માતાજી મંદિરે પૂનમે ભક્તો ઉમટ્યા

શીહા, તા. ૨

સમસ્ત ઘોછળ રબારી સમાજના કૂળદેવી સુપ્રસિદ્ધ લાખણેચી મંદિર દર પૂનમની જેમ આ પૂનમે ભક્તો ઉમટ્યા હતા. અગાઉ રાતથી પદયાત્રીઓ મા નો જય જય કાર બોલાવતા નિજ મંદિરે આવી પહોંચ્યા હતા. લાખ્ખો રૂપિયાના ખર્ચે બનાવેલ મા લાખણેચી મંદિર વિશાળ જગાએ બનાવેલ છે. યાત્રિકો માટે રહેવા વિશાળ ગેષ્ટહાઉસ તેમજ પ્રસાદ માટે ભોજનાલયની વ્યવસ્થા રાખેલ છે. ટ્રસ્ટના પ્રમુખ સાગરભાઈ રબારી વ્યવસ્થાપક કમિટિ અને મા ના સેવકો દ્વારા આવનાર યાત્રિકો માટે નિઃશુલ્ક રહેવા જમવાની વ્યવસ્થા રાખવામાં આવે છે.

# મહેસાણા જિલ્લાના તમામ તાલુકાઓમાં કિસાન કલ્યાણ મહોત્સવ યોજાયો

મહેસાણા, તા. ૨

મહેસાણા જિલ્લા કક્ષાનો કિસાન કલ્યાણ મહોત્સવ નાયબ મુખ્યમંત્રી નિતીનભાઈ પટેલની અધ્યક્ષતામાં દૂધ સાગર ડેરી ખાતે યોજાયો હતો. રાજ્યના ખેડૂતોની આવક વર્ષ ૨૦૨૨ સુધીમાં ડબલ કરવાના હેતુસર આયોજીત



કિસાન કલ્યાણ મહોત્સવમાં આધુનિક કૃષિ સહિત પશુપાલન સંબધિત માહિતી આપાવામાં આવી હતી.

નાયબ મુખ્યમંત્રી નિતીનભાઈ પટેલે જણાવ્યું હતું કે રાજયના તમામ તાલુકાઓમાં કિસાન કલ્યાણ મહોત્સવ યોજાઈ રહ્યો છે. મહેસાણા જિલ્લો કૃષિ ઉત્પાદમાં મોખરે રહ્યો છે. જિલ્લામાં જીરૂ, વરીયાળી જેવા મસાલા પાકોમાં મોખરાનું સ્થાન ધરાવે છે. મહેસાણા જિલ્લાના ખેડૂતો ડ્રીપ ઈરીગેશન-ટપક સિંચાઈ પ્રધ્ધતિ વધુ અપનાવે તેમ જણાવ્યું હતું.

નાયબ મુખ્યમત્રી નિતીનભાઈ પટેલે વધુમાં જણાવ્યું હતું કે સરકારનો અભિગમ ગામડા, ખેડૂતો અને ગરીબોને મદદરૂપ થવાનો છે. સરકાર દ્વારા ગોડાઉન, ટપક સિંચાઈ પ્રધ્ધતિ, તબેલા સહિતની વિવિધ ખેતીલક્ષી યોજનાઓના લાભ આપી રહી છે. સરકારે ટેકાના ભાવે મગફળી, અડદ, તુવેર હજાર ટન રાયડાની પ્રથમ તબક્કાની ખરીદી માટે મંજુરી, હજાર ટન ચણા સહિતની વિવિધ પાકોની ખરીદી કરી રહી છે.

નાયબ મુખ્યમંત્રી સરકારના મહાઅભિયાન જળસંચયની માહિતી આપતાં જણાવ્યું હતું કે ૩૧ મે સધી કામગીરી થવાની છે. આ કામગીરીના પરિણામ સ્વરૂપે મોટા પ્રમાણમાં જળસંચય થશે જેનો સીધો ફાયદો ખેડૂતોને મળવાનો છે.

સાંસદ જયશ્રીબહેન પટેલે જણાવ્યું હતું કે છેલ્લા વર્ષો દરમિયાન યોજાયેલ કૃષિ મહોત્સવથી ખેડૂતોના જીવનમાં આમુલ પરિવર્તન આવ્યું છે. ખેડૂતો ખેતીમાં વૈવિધ્યતા લાવી ખેડૂતોની ઉન્નતી થઈ છે. રાષ્ટ્રની ચોથા ભાગની આવક કૃષિ અને સંબધિત ક્ષેત્રોમાંથી થાય છે. સરકારના પ્રયત્નો હમેશાં કૃષિલક્ષી રહ્યા છે.



## સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા ખાતે કિસાન કલ્યાણ મહોત્સવ

અત્યારે હાલ વૈશાખ મહિનો ચાલી રહયો છે અને એકથી દોઢ માસ બાદ ચોમાસાની સીઝન શરુ થતાં ખેડૂતોને વૈજ્ઞાનિક પધ્ધતિથી વાવેતર કરવા માટેની ટીપ્સ આપવા માટે કિસાન કલ્યાણ મહોત્સવનુ આયોજન કરાયુ હતુ. ખેડબ્રહ્માના પ્રાન્ત અધિકારી કૌશિક મોદીએ જણાવ્યું હતુ કે ખેડૂતોની આવક ૨૦૨૨ સુધીમાં ડબલ કરવા માટે જાગૃતિ લાવવા અને ખેડૂત ભાઈઓ-બહેનોને કૃષિ સંલગ્ન ક્ષેત્રે આધુનિક કૃષિ તાંત્રિકતા અને સજીવ ખેતી અંગે માર્ગદર્શન મળી રહે તે હેતુથી તાલુકે તાલુકે કિસાન કલ્યાણ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં કૃષિ તજજ્ઞ દ્વારા માહિતી મળી રહે તે એવુ આયોજન કરવામાં આવ્યું છે.

# સુજલામ સુફલામ જળ અભિયાન અંતર્ગત તલોદ ગામ તળાવનું વિધિવત ખાતમુહૂર્ત

તલોદ, તા. ૨

રાજ્ય સરકારના સુજલામ સુફલામ જળ અભિયાન અંતર્ગત તલોદ પાલિકા પ્રમુખ નરેન્દ્રસિંહ સોલંકીના અધ્યક્ષસ્થાને તલોદ ગામમાં ૫૦ એકર જમીનમાં પથરાયેલ તળાવનું ઊંડાઈ કરવાનું ખાતમુહૂર્ત વિધિવત કરવામાં આવ્યું હતું. જળ સંગ્રહ માટે કરવામાં આવતી ઊંડાઈ લોકભાગીદારી તેમજ વિવિધ સેવાકિય સંસ્થાઓ દ્વારા કરવામાં આવશે તેવુ ચિફ ઓફીસર હેમંતકુમાર ભાવસારે જણાવ્યું હતું.

તલોદ ગામમાં આવેલ આ વિશાળ તળાવ પાણીથી ભરવામાં આવે તો પંદર જેટલા આજુબાજુના ગામોમાં ખેતી હરીયાળી બની શકે તેમ છે. આ ઊંડાઈની યોજના માટે સરકાર દ્વારા એક લાખની રકમ અપાતા ગ્રામજનોમાં રોષ વ્યાપ્યો છે. હાલમાં ખાલીખટ ભાસતુ તળાવ વર્ષોથી રાજકિય વિવાદોથી વંચિત રહ્યુ છે. જેમાં કરોડોની ગ્રાન્ટોની ફાળવણી કરવામાં આવે તો ૨૦૦ વિઘા જમીનથી પથરાયેલ આ તળાવ રયિળામણુ તેમજ જોવાલાયક સ્થળ પણ બની શકે તેમ છે. લોક માંગણીઓથી સેવાઈ રહેલી બાજુમાં ડેમોનું પાણી આપી તળાવ ભરવા માંગ ઉઠી છે.

આ પ્રસંગે કારોબારી અધ્યક્ષ બાબુભાઈ પટેલ, ઉપપ્રમુખ તેજુસિંહ ઝાલા, તમામ પાલિકા સદસ્યો, કર્મચારી સ્ટાફ ગણ, ગ્રામજનો ઘણી જ મોટી સંખ્યામાં બ્રાહ્મણોના મંત્રોચ્ચારથી ઊંડાઈનું ખાત મુહૂર્ત કરાયું હતું.

# ભિલોડા તાલુકામાં લગ્નસરાની મોસમ પુરબહારમાં ખીલી ઉઠી

ભિલોડા,તા.૨

અરવલ્લી જીલ્લા સહિત ભિલોડા તાલુકામાં લગ્નસરાની સિઝન પુરબહારમાં ખીલી ઉઠી છે ત્યારે વેપારીઓમાં ખુશીની લહેર પ્રસરી છે.બજારોમાં વિવિધ દુકાનોમાં ખરીદી અર્થે ગ્રામ્ય વિસ્તારોમાંથી લોકોના ટોળે-ટોળા આવતાં કીડીયારા ઉભરાય છે ત્યારે બજારોમાં વેપારીઓને અધધધ...ધુમ આવક જોવા મળી રહી છે.લગ્નસરાની સિઝન પુરબહારમાં ખીલી ઉઠતાં વેપારીઓને તો જાણે કે ઘી- કેળા થઈ ગયા છે.



ભિલોડા તાલુકામાં આદિવાસી સમાજ, ઠાકોર સમાજની મોટા ભાગે વસતી ધરાવતા વિસ્તારમાં વર્ષોની પરંપરા અનુસાર ઉનાળાની સિઝન દરમ્યાન લગ્ન સિઝન પુરજોશમાં ચાલી રહી છે.ભિલોડા તાલુકા મથક ખાતે ગ્રામ્ય વિસ્તારોમાંથી ખરીદી અર્થે આવતા પ્રજાજનોના કીડીયારા ઉભરાતાં હોય છે. બજારોમાં વાહન ચાલકો વાહનો આડેધડ પાર્કિંગ કરતાં ટ્રાફીક, ચક્કાજામ રહેતાં રાહદારીઓ હેરાન-પરેશાન થઈ રહ્યા છે.

લગ્ન પ્રસંગો નિમિત્તે કપડાં, વાસણ, કરીયાણું,સોના-ચાંદીના ઘરેણાં, બુટ-ચંપલ, ઈલેક્ટ્રોનિક્સ ચીજવસ્તુઓ, મોબાઈલ, ફર્નિચરની અવનવી ચીજવસ્તુઓ, કોસ્મેટીક આઈટમો, બ્યુટી પાર્લરો, ઠંડા-પીણાં, કેટરર્સ, શાકભાજી, મંડપ, ઘોડા, બેન્ડ, ડી.જે., ફુલહાર,પ્રાઈવેટ વાહન સંચાલકો, કર્મકાંડી ભુદેવો અને વેપારીઓની ભારે બોલબાલા જોવા મળી રહી છે.

ભિલોડા તાલુકામાં જી.એસ.ટી. અને મોંઘવારીની કોઈ જ અસર જોવા મળતી નથી લગ્ન પ્રસંગો નિમિત્તે વિવિધ બજારોમાં અને વિવિધ પ્રકારની દુકાનોમાં કીડીયારા ઉભરાતા હોય છે. વિવિધ પ્રકારની અવનવી ચીજવસ્તુઓનું ધુમ વેચાણ થઈ રહ્યું છે.

લગ્નસરાની સિઝન પુરબહારમાં ખીલી ઉઠી છે ત્યારે અમુક બે નંબરીયા વેપારીઓ ચીઠ્ઠીના બીલોના વ્યવહાર ઉપર લાખ્ખો રૂપિયાનો બે નંબરનો ધીકતો ધંધો ઉનાળાની લગ્ન સિઝન દરમ્યાન હોંશે-હોંશે કરતા હોય છે ત્યારે વહીવટી તંત્ર કુંભકર્ણની નિદ્રામાં પોઢ્યું છે.

એક તરફ ઉનાળાની અસહ્ય કાળઝાળ ગરમીએ કાળો કેર વરતાવતાં લગ્ન પ્રસંગોની ખરીદી અર્થે આવતા લોકો ગરમીમાં હોંશે-હોંશે ખરીદી કરી રહ્યા છે ત્યારે ગરમીના કારણે આઈસ્ક્રીમ, કોલ્ડ્રીંક્સ, ઠંડા-પીણા પણ ધુમ ઘરાકી બજારોમાં જોવા મળે છે.

ભિલોડામાં લગ્ન સિઝન નિમિત્તે સોના-ચાંદીની ધુમ ખરીદી



સોનાનો ભાવ રૂા.૩૧,૮૦૦/-(૧૦ ગ્રામ)રૂા.૩૦૦/-ઘડાઈ,ચાંદીનો ભાવ રૂા.૩૭૦/-(૧૦ ગ્રામ)રૂા.૫૦/-ઘડાઈ છે.